# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

==========================================================

અખબારી યાદી તા. ૨૭-૦૧-૨૦૨૨

**રાજ્યમાં વધતા જતા ઔદ્યોગિક જીવલેણ અકસ્માતો, પ્રદૂષણના લીધે નાગરિકોના જીવન સામે જોખમ સહિતના મુદ્દે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો, ધારાસભ્યશ્રી, સાંસદશ્રીની સત્યતા શોધક (ફેક્ટ ફેન્ડીંગ) સમિતિની રચના** કરીને શ્રમિકોના ન્યાય માટે લડત કરવાની જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં 31,500 થી વધુ ફેક્ટરીઓ છે જે 16.93 લાખથી વધુ કામદારોને રોજગારી આપે છે. સુરત જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સૌથી વધુ કામદારોના મૃત્યુ થયા છે. મોટાભાગના કામદારો ઓડિશા, બિહાર અને ઉત્તર પ્રદેશના સ્થળાંતરિત છે. સચિન જીઆઈડીસીમાં લગભગ 50 ટેક્સટાઈલ ડાઈંગ અને પ્રિન્ટીંગ મિલો અને 40 થી વધુ કેમિકલ યુનિટ અને કેટલાક પાવર લૂમ યુનિટ છે. અહેવાલો દર્શાવે છે કે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આશિર્વાદથી ફરજિયાત કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં જોખમી કેમિકલની ટ્રીટમેન્ટ કર્યા વિના ઝેરી રાસાયણિક કચરાથી ભરેલી 5-6 થી વધુ ટ્રકો ગેરકાયદેસર રીતે દરરોજ શહેરના ગટરોમાં ખાલી કરવામાં આવે છે. યુનિટના માલિકો અને જીઆઈડીસી સત્તાધીશો વચ્ચેની સાંઠગાંઠને કારણે સત્તાવાળાઓ જાણી જોઈને આંખ આડા કાન કરી રહ્યાં છે.

કોંગ્રેસ પક્ષએ ઔદ્યોગિક સલામતિ, પર્યાવરણ મુદ્દે કોંગ્રેસ પક્ષના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના કન્વીનર પદે ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ સહિત વરિષ્ઠ આગેવાનોની સત્યતા શોધક (ફેક્ટ ફાઇન્ડિંગ) ટીમની રચના કરી છે. તેઓ જમીન પરની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે અસરગ્રસ્ત પરિવારો અને અસરકર્તા અન્ય નાગરિકો, સ્થાનિક આગેવાનોની મુલાકાત લેશે અને મુલાકાતના આધારે ફેક્ટ ફાઇન્ડિંગ રિપોર્ટ સાત દિવસમાં કોંગ્રેસ પક્ષને સુપ્રત કરશે. જેના આધારે કોંગ્રેસ પક્ષ ન્યાયની માંગણી અને કાયદાકીય જોગવાઈઓના યોગ્ય અમલીકરણ માટે જે જરૂરી હશે તે લડત આપશે.

ઉદ્યોગો એ ગુજરાતની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે, પરંતુ આ રસાયણોની હાનિકારક અસરોને કારણે લાખો ગુજરાતીઓનું રોજિંદુ જીવન જોખમમાં ન આવે તે સુનિશ્ચિત કરવા યોગ્ય પ્રક્રિયાઓ અનુસરવામાં આવે તે મહત્વનું છે. યોગ્ય પ્રક્રિયા ન કરાયેલ રાસાયણિક કચરો ભૂગર્ભજળને પણ પ્રદૂષિત કરી રહ્યો છે અને ગુજરાતીઓમાં ઘણા લાંબાગાળાના રોગોમાં વધારો કરી રહ્યો છે.

ઔદ્યોગિક દુર્ઘટનાની આ પહેલી ઘટના નથી, છેલ્લા 5 વર્ષમાં ગુજરાતમાં ઔદ્યોગિક એકમોની અંદર અનેક ઔદ્યોગિક અકસ્માતો અને હાનિકારક ઝેરી રસાયણોના કારણે કુલ 989 કામદારો મૃત્યુ પામ્યા છે. આ મૃત્યુમાં 42 ટકા જેટલો હિસ્સો ઉત્તરમાં મહેસાણાથી દક્ષિણમાં વાપી સુધીના "ગોલ્ડન કોરિડોર" પર સ્થિત

સુરત, અમદાવાદ અને ભરૂચ જિલ્લાઓમાં કાર્યરત ફેક્ટરી કામદારોના મૃત્યુનો છે. રાજ્યમાં સાબરમતી, તાપી, વિશ્વામિત્રી સહિત ૨૦ કરતા વધુ નદીઓ સૌથી વધુ પ્રદૂષિત છે. પ્રદૂષિત પાણીના કારણે માનવ જીંદગીની સાથોસાથ ખેડૂતો અને ખેતી બન્ને મુશ્કેલીમાં મુકાઈ રહ્યાં છે. પશુધનને મોટી મુશ્કેલી છે તેમ છતાં ભાજપ સરકાર પ્રદૂષણ નિયંત્રણ માટે ગંભિર પગલા ભરવામાં આંખ આડા કાન કરી રહી છે.

| સત્ય શોધક સમિતિ | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | | |
| 1. | શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા | પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી, ગુજરાત કોંગ્રેસ | કન્વીનરશ્રી, |
| 2. | શ્રી અમિતભાઈ ચાવડા | પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી, ગુજરાત કોંગ્રેસ | સભ્યશ્રી |
| 3. | શ્રી પરેશભાઈ ધાનાણી | પૂર્વ નેતાશ્રી, ગુજરાત વિધાનસભા | સભ્યશ્રી |
| 4. | શ્રી પુંજાભાઈ વંશ | સીનીયર ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| 5. | શ્રી વિક્રમભાઈ માડમ | ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| 6. | ડૉ. અમીબેન યાજ્ઞિક | સાંસદશ્રી (રાજ્યસભા) | સભ્યશ્રી |
| 7. | ડૉ. પ્રભાબેન તાવીયાડ | પૂર્વ સાંસદશ્રી | સભ્યશ્રી |
| 8. | શ્રી જીગ્નેશભાઈ મેવાણી | ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| 9. | ડૉ. સી.જે. ચાવડા | ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| 10. | શ્રી અનંતભાઈ પટેલ | ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |

( ડૉ. મનિષ એમ. દોશી )

મુખ્ય પ્રવક્તા